પ્રિન્સીપાલ સિવીલ કોર્ટ ધનસુરા ખાતે વૃક્ષારોપણનો કાર્યાક્રમ યોજાયો હતો

પ્રિન્સીપાલ સિવીલ કોર્ટ ધનસુરા ખાતે કોર્ટ કેમ્પસમાં તેમજ જ્યુડિશીયલ ક્વાટર્સ પાસે તા.૦૫/૦૬/૨૦૨૨ ને રવિવાર ના રોજ વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે વૃક્ષારોપણના કાર્યાક્રમ નું આયોજન કરવામાં આવ્યું.જેમાં પ્રિન્સીપાલ સિવીલ જજ શ્રી.એસ.સી.પટેલ,તેમજ ધનસુરા બાર એસોસીએશનના પ્રમુખશ્રી,વિ.વ.શ્રીઓ,કોર્ટ સ્ટાફ તથા ,આર.એફ.ઓશ્રી ધનસુરા રેન્જ ના ઓને સાથે રાખીને લગભગ ૫૦ થી પણ વધારે વૃક્ષો રોપ્યા અને વૃક્ષારોપણનો કાર્યક્રમ સફળ બનાવવામાં આવ્યો હતો.

સાબરકાંઠા જિલ્લામાં ધોરણ - ૧૦નું ૫૯.૪૦ ટકા પરિણામ

રણાસણ કેન્દ્ર ૭૮.૩૫ ટકા પરિણામ સાથે જિલ્લામાં મોખરે : ૧૦૦% પરીણામવાળી ૦૯ શાળાઓ

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાતી ધોરણ.૧૦ની પરીક્ષાનું પરિણામ સોમવારના જાહેર થયુ હતું. જેમાં સાબરકાંઠા જિલ્લામાં ધોરણ ૧૦માં ૧૯,૯૪૧ વિધ્યાર્થીઓએ નોંધાયા હતા. જે પૈકી ૧૯૬૬૮ વિધ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. આમ. સાબરકાંઠા જિલ્લામાં ૫૯.૪૦% પરિણામ આવ્યું. સાબરકાંઠા જિલ્લામાં કુલ ૩૫ કેન્દ્રો પર ધોરણ ૧૦ ની પરીક્ષા યોજવામાં આવી હતી. જે પૈકી રણાસણ કેન્દ્રનું ૭૮.૩૫% પરીણામ આવતા જિલ્લાનું સૌથી વધુ પરીણામ મેળનાર કેન્દ્ર બન્યુ છે. જ્યારે તલોદમાં સૌથી ઓછુ ૩૭.૭૫% પરીણામ આવ્યુ છે. સાબરકાંઠા જિલ્લામાં ધોરણ ૧૦ ની પરીક્ષામાં છ-૧ મેળવનાર ની વિધ્યાર્થીઓની સંખ્યા ૨૩૫, છ-૨ માં ૧૦૬૧, B-1 માં ૧૯૨૩, **B-2** માં ૨૯૫૧, **C-1** માં ૩૫૪૫ , C-2 માં ૧૮૭૫, **D** મા **0** ,**E-1** માં ૩૮૭૮ અને ઈ-૨ માં ૪૧૦૮ સંખ્યા નોંધાઇ છે. સાબરકાંઠા જિલ્લામાં વર્ષ ૨૦૨૦ માં ૫૧.૭૧ % પરીણામ નોંધાયુ હતુ તેની સાપેક્ષે વર્ષ ૨૦૨૨ માં જિલ્લાએ ૭.૬૯% ના વધારા સાથે ૫૯.૪૦% પરીણામ મેળવ્યુ છે. જિલ્લામાં વર્ષ ૨૦૨૨ માં ૦% પરીણામવાળી ૦૬ શાળાઓ નોંધાઇ છે. જ્યારે ૧૦૦% પરીણામવાળી ૦૯ શાળાઓ નોંધાઇ છે.

ભાટકોટાના પંચવડેશ્વર મંદિરે પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવનો આરંભ

૬ દિવસ માટે ચાલનાર કાર્યક્રમ માટે ઋષિ પરંપરા મુજબ યજ્ઞશાળાનું નિર્માણ



મોડાસા તાલુકાના ભાટકોટાના પંચવડેશ્વર મહાદેવ મંદિર ખાતે પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવની સાથે પંચકૂંડાત્મક યજ્ઞનો આરંભ થયો છે. ૬ દિવસ ચાલનારા આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં સંતો, મહંતો શ્રદ્ધાળુ જનતા ઉપસ્થિત રહી યજ્ઞદર્શનનો તેમજ સત્સંગનો લાભ લેશે. ભાસ્કોટાના પ્રસિદ્ધ પંચવડેશ્વર મહાદેવ મંદિરના પ્રાંગણમાં શ્રીશ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર શ્રી સુદર્શનદાસજી ત્યાગીજી મહારાજની નિશ્રામાં શ્રી રામલલ્લા સરકાર મંદિરના પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આ સાથે પંચકુંડાત્મક શ્રી રામ યજ્ઞ મહોત્સવ પણ આયોજીત કરવામાં આવ્યો છે. રામલલ્લા મંદિર, પંચમુખી શિવજી સહિત દેવતાઓના નવનિર્મિત મંદિરના પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવમાં રાજસ્થાન ઉપરાંત મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ સહિતના વિસ્તારોમાંથી શ્રદ્ધાળુઓ ઉપસ્થિત રહી દર્શન તેમજ મહાપ્રસાદનો લાભ લેશે. રવિવારે ગણેશ પૂજન, મંડપ પ્રવેશ. જલાધિવાસ સાથે પ્રાણપ્રતિષ્ઠાનો પ્રારંભ થયો. આજે તા.ના રોજ અનાધિવાસ, અગ્નિસ્થાપન હવન, તો,૭ના રોજ ધ્વજ કલશ પૂજન, હવન, મહાન્યાસ, સૈયધિવાસ સહિત તા.૮ના રોજ પ્રાણપ્રતિષ્ઠા હવન પૂજન અને છેલ્લે ગુરુવારના રોજ પૂર્ણાહુતિ સાથે વિશાળ ભંડારાનું આયોજન કરવામાં આવ્યું છે. યજ્ઞના આચાર્ય પદે થી રમાકાન્ત મિશ્રા(ટીકમગઢ, મધ્યપ્રદેશ) બિરાજમાન થશે.

પ્રાંતિજ ચિત્રિણી નર્સિંગ કોલેજ ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ ચિત્રિણી નર્સિંગ કોલેજ એન્ડ સ્કુલ ખાતે વૃક્ષા રોપણ કાર્યક્રમ યોજાયો હતો જેમાં રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા ગુજરાત રાજય ના એ.જી.એમ જે.એસ.કાલારા ઉપસ્થિત રહ્યા હતા. પ્રાંતિજ રેલ્વે સ્ટેશન વિસ્તારમાં આવેલ ચિત્રિણી નર્સિંગ કોલેજ એન્ડ સ્કુલ ખાતે વિશ્વ પર્યાવરણ દિવસ ને લઈ ને વુક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો જેમા નર્સિંગ કોલેજ ના કેમ્પસ મા આવેલ મહેમાનો તથા કોલેજ શાળા ના વિધાર્થીઓ કોલેજ સ્ટાફ દ્વારા આયોવેદિક વૃક્ષો નુ વુક્ષારોપણ કરવામા આવ્યુ હતુ તો આ પ્રસંગે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા ગુજરાત રાજય ના એ.જી.એમ જે.એચ કાલારા, ચિત્રિણી નર્સિંગ કોલેજ ના ટ્રસ્ટી એ.કે.પટેલ, કોલેજના સંચાલક નૃપાંશભાઈ પટેલ, પ્રિન્સીપાલ નરેન્દ્રભાઈ શર્મા, વાઈસ પ્રિન્સીપાલ નિધી બેન દજેધ, મનોજભાઈ ચૌધરી સહિત ચિત્રિણી નર્સિંગ કોલેજ શાળા નો સ્ટાફ કોલેજ શાળાના વિધાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા અને વુક્ષારોપણ કરવામા આવ્યુ હતુ.

હવે તો હદ થઈ, ચંદનના ઝાડ વિભાગના તાબામાં પણ સલામત નથી

સાબરકાંઠા ફોરેસ્ટ અધિકારીના સરકારી બંગલા આગળથી રૂા. ૪૦ હજારની કિંમતનું ચંદનનું ઝાડ ચોરાયું

મામલો પોલીસ સ્ટેશને પહોચ્યો પરંતુ ૫ દિવસ સુધી દબાવી રાખ્યો : સી.સી.ટીવી કેમેરા ફંફોસવા છતાં કોઈ સુરાગ મળતા નથી

બાયડ (બ્યુરો ઓફિસ,), તા.૦૬

જિલ્લામાં ચંદન ઝાડ ચોરનારી ટોળકીએ પોલીસ અને

વન વિભાગની ઉવ હરામ કરી દીધી છે અને હવે તો તો એ હદ કરીહો યતે રીતે હિંમતનગરમાં સબજે લસામે આવેલ જિલ્લા ફોરેસ્ટઅધિકારીના સરકારી બંગલા આગળથી ૪૦હજરની ક્ઝ્ઝિમતનું ઝાડ ચો રાતાં ખળભળાટ મચ્યો છે મામલો બી-ડીવીઝાપો લીસસ્ટેશને પહોંચ્યો છે પરં તુ ને ગં ધન આવે તે માટે દબાવી રાખવામાં આવ્યો છે. જ્યારે ઝાડચી રાઈ જવાનાપદિવસ પછી પણસી સીવી કેમેરાના ફૂટે જ ચકાસવા છતાં તસ્કર ગે ગના કો ઈ સુરાગ મળ્યા નથી.

પ્રામ જાણકારી અનુસાર ઈડર, વડાલી, પ્રાં તિજના અને વિસ્તારો માં થી ઉપરાછાપરીચંદનનાં ઝાડચોરવાની ઘટનાઓ પો લીસદફતરે નોંધાઈ રહી છે. પોલીસે ૩ મહિના અગાઉ ચંદનઝડચોરનારીગં ગપયાનો દાવો કર્યા પછી પણતરીમાં કો ઈઓ ટઆવી નથી જે થી એ કકરતાં વધુ ગેંગ જિલ્લામાં સક્રીય વાની આશં છે. જ્યારે ખેડૂતોના ખે તરમાં થી ચંદનનાં ઝાડ ચો રાઈજય ત્યારે વિભાગ માત્ર સ્થળતપાસ પછી સંતો માને છે પરં તુમયાં તો તસ્કરગે ગે વન વિભાગની આબરુ ધૂળધાણી કરી નાખી છે.

ડી.એફ.ઓ એ મોબાઈલ ઉપાડવાનું ટાળ્યું

ડી.એફ.ઓ નાબં ગલા આગળથી ક્ઝ્ઝિમતીચંદનનું ઝાડ ચો રાઈ જતાં હલચૂલમચી છે.સાબરકં શ્રી.એફ.ઓ . હર્ષ ઠક્કરનાં સંપર્ક ક્યો પરંતુ રવિવાર હો વાથી માં બાઈલ ઉપાડવાનું ટાળ્યું હતું .

ચંદનના ઝાડમાં ઉધઈ આવવાથી કિંમત ઓછી- વન વિભાગ

જિલ્લામાં ૧૦થી ૨૦ વર્ષ જૂ નાં ચં દનનાં ઝાડ ચો રાયતો તે ની દમિત ૫૦થી ૯૦ હજાર રૂપિયા અંઘજવામાં આવે છે જ્યારે ડી એ ફ.ઓ નાબં ગલા આગળથી ઝાડ ચો રાતાં માત્ર ૪૦ હજારની કિંમતતનું ઝાડ ચોરાયા જાણકરી આપવામાં આવી છે. વન વિભાગના અન્ય કર્મ ચારીનો સંપર્ક કરતાં જણાવ્યું કે ચંદનના ઝાડમાં ઉંધઈ આવવાથી પોલું થઈ ગયું હતું જેથી કિંમત ઓછીછી ગણાય.

હિંમતનગર પોલીસવડા શેરીઅને સબજે લની સામે આવે લી જિલ્લા ફો રે અધિકારીના બંગલા આગળથી વષો જૂ નું ચંદનનું ઝડતો બિન્દનિકાપીને લઈગયા અને ચંદનનું ઝડચો રાતાં વિભાગ અને અધિકારીઓ હરકતમાં આવ્યા. આબરુજવાની બીકે મામલા ઉપર પડદો પાડવાનો પ્રયાસ થયો પરંતુ છેવટે ચંદનનું ઝાડચો રાયું હોવાથી બી-ડીવીક્સપો લીસસ્ટે શને ફોરેસ્ટર હસમુખ પટે લ દ્વારા જાણ કરવામાં આવી છે જેમાં અંદાજીત ૪૦ હજારની કૅ મિતનું ઝાડ ચો રાતાં પોલીસે તસ્કર ગે ગને શો ધવા પ્રયાસક્યું છે પરંતુ સફળતા મળી નથી,

ગઇ રાત્રી એથી પતિ-પત્ની ઘરેથી ગાડી લઈને નિકળી ગયા હતા

પ્રાંતિજના પુનાદરાના પતિ-પત્ની કારમાં દવા પીધેલી હાલતમાં મળી આવ્યા

પ્રાંતિજ તા.૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ના પુનાદરા ગામના પતિ-પત્ની કારમા દવા પીધેલી હાલતમા મળી આવ્યા ક્કચાર મચીજવા પામી હતી.

પ્રાંતિજ તાલુકાના પુનાદરા ગામે રહેતા મહેન્દ્રસિંહ અમરસિંહ પરમાર ઉ.વર્ષ-૪૫ કે જેવો તા.૫।૬।૨૦૨૨ ને રવિવાર ની રાત્રીના સમયે પોતાની પત્ની અજરતબા મહેન્દ્રસિંહ પરમાર ઉ.વર્ષ-૪૩ કે બન્ને જણા પોતાની વેગેનાર કાર નંબર -ય્ત્ર૧૬છછ ૭૭૩૫ લઈ ને રાત્રીના ઘરેથી નિકળી ગયા હતા અને વહેલી સવારે તારીખ ૬।૬।૨૦૨૨ ને સોમવાર ના રોજ છ વાગ્યા ના સમયે પુનાદરા બસસ્ટેશન પાસે થી કારમા બન્ને દવાપીધેલી હાલતમા

મળી આવ્યા હતા જેમા પત્ની અજરતબા મૃત હાલતમા તો પતિ મહેન્દ્રસિંહ જીવનમરણ વચ્ચે જોલા ખાતો મળી આવ્યા હતા તો પતિ પત્નીએ કોઈ પણ અગમ્ય કારણોસર ઝેરીદવા પીધી હોય તેવુ જણાઇ તો મહેન્દ્રસિંહ ને પ્રાંતિજ સિવિલ ખાતે સારવાર અર્થે ખસેડવામા આવ્યા હતા અને ત્યાંથી મહેન્દ્રસિંહ વધુ સારવાર અર્થે હિંમતનગર સિવિલ ખાતે ખસેડવામા આવ્યા હતા પણ સારવાર મળે તે પહેલા તેવોનુ પણ મોત નિપજયુ હતુ તો મૃતક પતિ-પત્નીને બે પુત્રો છે જેમા દિકરી કવિતા બા ૧૯ વર્ષ તથા પુત્ર કુશાલ સિંહ ૧૮ વર્ષ ના છે જયારે મૃતક મહેન્દ્રસિંહ અમરસિંહ પરમાર છેલ્લા પંદર વર્ષથી તેવોની સાસરી ખાતે રહેતા હતા તો પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા આ અંગેની જાણ તેવોના ભાઈ વિજયસિંહ અમરસિંહ પરમાર રહે સમો તા.માણસા , જિ.ગાંધીનગર દ્વારા કરવામા આવતા પ્રાંતિજ પોલીસ ના એ.એસ.આઈ માનસિક માનવંત સિંહ દ્વારા હાલતો ગુનોનોંધી આગળની તપાસ હાથ ધરી હતી.

અરવલ્લી : અણદાપુરમાં જે જગ્યાએ ૧૦૮ ને બોલાવી હતી તે જ જગ્યાએ પહોંચી : જીવના જોખમે રજૂઆત કેટલે અંશે વ્યાજબી..!!!

મોડાસા, તા.૬

અરવલ્લી જિલ્લામાં વિકાસની વાતો વચ્ચે કેટલાય ગામડાઓમાં રોડની સમસ્યાઓના વાતો સામે આવતી

હોય છે આ વચ્ચે મોડાસા તાલુકાના અણદાપુરમાં સગર્ભા મહિલાને રોડ ના અભાવે ચાલતા ૨ કિલો મીટર જવું પડ્યું હોવાના વીડિયો વાઈરલ થતાં તંત્ર દોડતું થયું હતું, પણ હવે આ સમગ્ર મામલે એક નવો વળાંક સામે આવ્યો છે. ગ્રામજનો દ્વારા આરોગ્ય વિભાગને જણાવવામાં આવ્યું છે કે, ૧૦૮ એમ્બ્યુલન્સને પ્રાથમિક શાળા સુધી જ બોલાવાઈ હતી, અને ત્યાંથી ગામ દોઢથી બે કિલો મીટર દૂર છે. રોડ બન્યો નથી તે કારણ ગ્રામજનોનું સાચું છે, પરંતુ ૧૦૮ એમ્બ્યુલન્સ નથી જતી તે કારણ વ્યાજબી ન હોવાનું સ્પષ્ટ થયું છે. ગ્રામજનો ૧૦૮ એમ્બ્યુલન્સને પ્રાથમિક શાળા સુધી જ બોલાવે છે અને ૧૦૮ની ટીમ પણ જે જગ્યાએ બોલાવે છે ત્યાં જ પહોંચી જાય છે.

ગ્રામજનોએ આરોગ્ય વિભાગને લેખિતમાં રજૂઆત કરી, સાંભળો આરોગ્ય વિભાગે શું કહ્યું..

મોડાસા તાલુકાના અણદાપુર ગામે રોડ ન હોવાની રજૂઆત ગ્રામજનોએ કેટલીય વાર કરી હતી, પણ રોડ કાચો હોવાથી ચોમાસાના સમયમાં હાલાકીઓનો સામનો કરવો પડી રહ્યો હોવાનું ગ્રામજનોએ જણાવ્યું હતું, પણ સગર્ભા મહિલાના સ્વસ્થ્ય સાથે ચેડા કરીને આવી તો કેવી રીતે રજૂઆત કરી શકાય તે એક સવાલ છે. રોડ બનાવવાની રજૂઆત કરવી તે લોકોનો હક છે પણ કોઈનો જીવ જોખમમાં મુકીને આવી રીતે તંત્ર સુધી રજૂઆત પહોંચાડવી તે કેટલે અંશે વ્યજબી તે ચિંતાનો વિષય છે.

સાંભળો માર્ગ અને મકાન વિભાગ ઇજનેર એ શું કહ્યું

અરવલ્લી જીલ્લા પંચાયત માર્ગ અને મકાન વિભાગના ઈજનેર વસાવાના જણાવ્યા અનુસાર, રોડના અભાવે સગર્ભા મહિલાએ ગામથી પ્રાથમિક શાળા સુધી દોઢ કિલો મીટર ચાલતા જઈ એમ્બ્યુલન્સ સુધી પહોંચવું પડ્યું હતું જેનો વીડિયો વાઈરલ થયા પછી તાત્કાલિક જિલ્લા પંચાયત માર્ગ અને મકાન વિભાગની ટીમ અણદાપુર ગામે પહોંચી જાતમાહિતી મેળવી હતી અને આ બાબેત તાત્કાલિક યોગ્ય કાર્યવાહી થાય તે બાબતે દરખાસ્ત માર્ગ અને મકાન વિભાગમાં રજૂ કરી દેવામાં આવી હોવાનું જિલ્લા પંચાયત ઈજનેર આર.કે.વસાવાએ જણાવ્યું હતું.

શું હતો સમગ્ર મામલો, તે પણ જાણો...

મોડાસા તાલુકાના અણદાપુર ગામે ૫ જૂનના રોજ પરોઢના સમયે ગામની એક મહિલાને પ્રસૂતાની પીડા ઉપડતા ૧૦૮ એમ્બ્યુલન્સને ફોન કરવાયો હતો, જેને લઈને એમ્બ્યુલન્સ પહોંચી હતી, ત્યારે રસ્તાના અભાવે મહિલાને ૧૦૮ એમ્બ્યુલન્સ સુધી દોઢ કિલો મીટર સુધી ચાલતા જવું પડ્યું હતું, જેને લઈને તંત્રમાં દોડધામ મચી જવા પામી હતી, આ સમગ્ર ઘટનાને લઈને જિલ્લા પંચાયતના અધિકારીઓ ગામની મુલાકાત કરી હતી, ત્યારે તેમણે જણાવ્યું હતું કે, ગામમાં છેક સુધી ગાડી જઈ શકે એમ છે, પણ વીડિયો વાઈરલ થતાં સમગ્ર મામલો તૂલ પકડવા લાગ્યો હતો. પણ સવાલ એ છે કે, કોઈ સગર્ભા મહિલાનો જીવ જોખમમાં મુકી આવી રીતે રસ્તાની માંગ કરવી કેટલે અંશે વ્યાજબી છે..? જો સગર્ભા મહિલાના જીવનો જોખમમા મુકાતો, આ માટે જવાબદાર કોણ રહેતું તે પણ સવાલો ઉઠતા.

દરજી કામ કરીને ગુજરાન ચલાવતા મધ્યમવર્ગના પરિવારના દીકરાએ એચ.એસ.સી. સામાન્ય પ્રવાહમાં બનાસકાંઠા જિલ્લામાં ૯૧.૭૦% સાથે અવ્વલ સ્થાન મેળવ્યું

પાલનપુર તા. ૬

શિસ્ત-સંસ્કાર અને શિક્ષણનો સુભગ સમન્વય એટલે પાલનપુરનુ સ્વસ્તિક શૈક્ષણિક સંકુલ. સમગ્ર બનાસકાંઠા જિલ્લામાં શિક્ષણક્ષેત્રે વિશેષ યોગદાન આપવા બાબતે સ્વસ્તિક શૈક્ષણિક સંકુલનું નામ મોખરે છે. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના બ્યુરો ચીફ શ્રી ગણપતલાલ કે.જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, તાજેતરમાં જાહેર થયેલ એચ.એસ.સી. સામાન્ય પ્રવાહમાં સ્વસ્તિક શૈક્ષણિક સંકુલ,પાલનપુર સલગ્ન કે.કે.ગોઠી સ્વસ્તિક હાઇસ્કૂલ અને

મયંક દેયાએ A1 રેક સાથે એસ.પી વિષયમાં ૧૦૦ માંથી ૧૦૦ ગુણ મેળવીને સ્વસ્તિક શૈક્ષણિક સંકુલે મેદાન માર્યું : સ્વસ્તિક શૈક્ષણિક સંકુલના અન્ય ૫ વિદ્યાર્થીઓએ પણ ૧૦૦માંથી ૧૦૦ ગુણ મેળવ્યા

ઉચ્ચ માધ્યમિક શાળાના એચ.એસ.સી. સામાન્ય પ્રવાહના વિદ્યાર્થી અને દરજીકામ કરી ગુજરાન ચલાવતા પરિવારના દિકરા મયંક દૈયાએ ૯૧.૭૧ % સાથે જિલ્લામાં અવ્વલ રહેલ છે. તદઉપરાંત, શાળાનાં ૫ વિદ્યાર્થીઓમાં પણ એસ.પી. વિષયમાં મયંક દૈયા,તત્વજ્ઞાન વિષયમાં જિન્સી જાદવ ,વાણિજ્ય વ્યવસ્થા અને આંકડાશાસ્ત્રમાં મનિષ સાંખલા અને આંકડાશાસ્ત્રમાં ધવલ મોદી આ વિદ્યાર્થીઓએ આ વિષયોમાં ૧૦૦ માંથી ૧૦૦ ગુણ મેળવી શાળા અને સ્વસ્તિક શૈક્ષણિક સંકુલનું ગૌરવ વધારેલ છે. આ વિશેષ સિધ્ધિ બદલ શ્રી સોળગામ લેઉવા પાટીદાર પ્રગતિ મંડળમા પ્રમુખ રમેશભાઇ પટેલ અને મંડળના તમામ હોદ્દેદારોએ માર્ગદર્શન આપનાર શાળાના આચાર્ય મણિભાઇ સુથાર અને તમામ ગુરૂજીઓ અને સ્વસ્તિક શૈક્ષણિક સંકુલના એચ.એસ.સી. ના વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતાં.

પ્રાકૃતિક ખેતી....સજીવ ખેતી...અભિયાન ભારત સરકારનું...

થર્ડ અમ્પાયરની દ્રષ્ટિએ...???

બાયડ તા.૬

ઈશ્વર દ્વારા સરસ મજાની સૃષ્ટિનું સર્જન કરાયું છે!! સૃષ્ટિની જાળવણી કરવાની જવાબદારી મનુષ્યને આપેલી છે, પરંતુ દુઃખની વાત એ છે કે મનુષ્યજ સ્વાર્થ અંધ બની સૌથી વિશેષ નુકસાન પ્રકૃતિનું કરી રહ્યો છે... 'ખાસ કરીને જીવનની તમામ શારીરિક સમસ્યાનું નિરાકરણ પ્રકૃતિ અને પર્યાવરણ ખુદ જ કરી લેતા હોય છે અને મહદઅંશે માનવીની માનસીક સમસ્યાનો હલ પણ ત્યાંજ રહેલો છે...' પરંતુ માનવીએ પોતાની બુદ્ધિનો ઉપયોગ હંમેશા અંગત સ્વાર્થ હેતુએ જ કર્યો અને પ્રકૃતિ અને પર્યાવરણને ડિસ્ટર્બ કરીને સૃષ્ટિના અસ્તિત્વને ખતરામા મૂકી દીધું!!

પ્રાકૃતિક ખેતી એ મહદઅંશે પર્યાવરણની સમસ્યાનો ઉકેલ છે!! 'હાઈબ્રીડ બિયારણનો નિષેધ, રાસાયણિક ખાતરને જાકારો અને જંતુનાશક દવાનો ત્યાગ અને સાથે સાથે દેશી ગાયનો સ્વીકાર એ પ્રાકૃતિક ખેતીનો પાયો છે!!' હાઈબ્રીડ બિયારણ એ કોઠીના દેશી બિયારણની સાપેક્ષમાં ઉત્પાદનમાં કદાચ વધુ હોઇ શકે પણ ગુણવત્તાની દ્રષ્ટિએ તે શૂન્ય છે... રાસાયણિક ખાતર જમીનની ફળદ્રુપતા વધારવાને બદલે ઘટાડે છે, જમીનના ઉપરના લેવલમાં જરૂરી બેક્ટેરિયાને નામશેષ કરવામાં રાસાયણિક ખાતરનો પ્રમુખ ફાળો છે... જ્યારે દેશી ખાતર ગૌ છાણ-મૂત્ર તેમજ ખેતરનો કચરો જમીનને પાછો આપવાથી શ્રેષ્ટ ખાતર મળતું હોય છે...

જંતુનાશક દવાએ તો દાટ જ વાળી નાખ્યો... પ્રકૃતિના કીટક ભક્ષી પક્ષીઓ ભાગી ગયા...ખેતીના પાકને નુકસાન કરતા જંતુ,બેક્ટેરિયા, ઈયળનું કુદરતી રીતે કોઈપણ હાનિ વગર ભક્ષણ કરતા પક્ષીઓ ઝેરી દવાઓના કારણે નામશેષ થયા... ઉધઈ, ફૂગ તમામનો ઉકેલ કુદરતના અન્ય સુક્ષમ જીવો આપમેળે કરતા હોય છે તેવા તમામ જીવોને આપણે જાણતા અજાણતા નુકસાન કરી બેઠા... 'આ સૃષ્ટિ સિર્ફ કાળા માથાના માનવીની જાગીર હોય તેવું આપણે સૌ માની બેઠા!!' આપણા શાસ્ત્રો પ્રમાણે સૃષ્ટિ ઉપર ૮૪ લાખ જીવો રહેલા છે એ તમામ જીવો મણકાની માળાની જેમ એકબીજા જોડે ગૂંથાયેલા છે...એક જીવ બીજા જીવને મારે છે અને તેમને કુદરતના આ સૈનિકો કન્ટ્રોલમાં રાખે છે... કોઈપણ જીવ સૃષ્ટિ માટે નકામો નથી...

આધુનિક ખેતી કરવા જતાં હાઈબ્રીડ બિયારણ, રાસાયણિક ખાતર, જંતુનાશક દવાઓ આવ્યા અને તેમણે કચ્ચરઘાણ વાળી નાખ્યો... આ બધાનો ઉપયોગ કરવાથી કોરોના જેવા અનેક નવા નવા રોગોને આપણે આમંત્રણ આપ્યું કે જેને કન્ટ્રોલમાં લાવતા લાવતા દુનિયાની આંખે અંધારા આવી ગયા... 'હજુ પણ આપણે પ્રાકૃતિક ખેતીના ખોળામાં નહિ બેસીએ તો કેન્સર, ડાયાબીટીસ, બીપી થી ક્યાંય વધુ ભયંકર એવા અને કોરોના ને સારો કહેવડાવે તેવા રોગો પૃથ્વી ઉપર દસ્ક્ત દેવા ગમે ત્યારે આવી પહોંચશે...'

મોદી સરકાર કાર્યરત થઈ ગઈ છે અને સરકાર ખેડૂતોને ગાય આધારિત પ્રાકૃતિક ખેતી અપનાવવા વિનંતી કરી રહી છે...'હવે ખેડૂતો અને આપણે સૌએ વિચારવાનું છે કે સૃષ્ટિને બચાવીએ કે ડૂબાડીયે???' ગાય આધારિત ખેતી કરવાના ફાયદા ફાયદા જ છે... ગાયના છાણ મૂત્રથી જમીન સુધરશે, ફળદ્રુપતા વધશે કે ખાતર-દવા બન્નેનો ઉકેલ છે!! પ્રાકૃતિક ખેતીની ઉતપન્ન થયેલું અનાજ, ફળ, શાકભાજી તંદુરસ્તી વધારશે... દવા ખાતર વગરનો ઘાસચારો ખાધા પછી મળતું ગાયનું દૂધ અમૃત સાબિત થશે... કપડાં, વસ્ત્રો, જૂતા, બેગ, બેલ્ટ એવી બધી પ્રોડક્ટમાં આ ખેતીની ઈનડાયરેક્ટ સકારાત્મક અસર વર્તાશે!! 'આમેય મનુષ્ય જાત ને બાદ કરતા સૃષ્ટિ ઉપર ૮૩,૯૯,૯૯૯ અન્ય જીવો છે એટલે ૧ મનુષ્ય જાતને કોઈ હક્ક નથી કે બાકીના તમામ જાતના જીવોને હેરાન પરેશાન કરવા કે તેમનો ભોગ લેવો...'

પ્રાકૃતિક ખેતીનું ઉત્પાદન અમે માલ ક્યાં વેચાણ કરવો તે પ્રશ્ન અત્યારસુધી હતો, પરંતુ સરકાર દ્વારા આવો પ્રાકૃતિક ખેતીનો માલ સામાન્ય કરતા વધુ ઊંચા ભાવે ખરીદી સરકાર ની કેટલીક સંસ્થાઓ દ્વારા કરવાની તજવીજ પણ ચાલી રહી છે તો તે પ્રશ્નનો હલ પણ કાયમી ધોરણે થઈ જશે!! મોદીજીના પ્રાકૃતિક ખેતીના અભિયાનને સમર્થન આપીએ અને પ્રચાર પ્રસાર કરીએ...ખુદ સ્વસ્થ રહીએ... રાષ્ટ્રને સ્વસ્થતા આપીએ...

ધનસુરા કેળવણી મંડળ સંચાલિત રાવસાહેબ વી. જી. ગર્લ્સ હાઈસ્કૂલનું ગૌરવ...

ધનસુરા, તા. ૬

ધનસુરા કેળવણી મંડળ સંચાલિત રાવસાહેબ વી.જી.ગર્લ્સ હાઈસ્કૂલ ધનસુરા નું ધોરણ ૧૦ નું પરિણામ જાહેર થયું હતું તેમાં ધોરણ ૧૦ નું ૭૪.૪૪ ટકા પરિણામ આવ્યું હતું. જ્યારે ધોરણ ૧૨ નું ૮૧.૧૫ ટકા પરિણામ આવ્યું હતું. ધોરણ ૧૦ માં રાજપૂત સ્નેહા વિજયસિંહ એ ૯૯.૬૫ પર્સનટાઈલ રેક સાથે પ્રથમ નંબર મેળવ્યો હતો. જ્યારે ધોરણ ૧૨ માં પરમાર કૃતિ હિતેન્દ્રભાઈ એ ૭૦૦ માંથી ૬૦૫ માર્ક મેળવ્યા હતા.જિલ્લામાં ધોરણ ૧૦ માં કુલ ૧૫૭૩૦ પૈકી ૧૫૪૨૯ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. ઓનલાઈન પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. ત્યારબાદ શાળામાંથી માર્કશીટ આપવામાં આવશે.શાળા મંડળ દ્વારા પ્રિન્સિપાલ દક્ષાબેન પટેલ સુપરવાઈઝર અને સ્ટાફ તેમજ વિદ્યાર્થીનીઓને શાળાનું ગૌરવ વધારવા બદલ અભિનંદન આપ્યા હતા.

જિલ્લામાં મનરેગાના કામોથી ખેતી કામને માઠી અસર

ઘરઆંગણે રોજગારી મળતાં ખેતમજૂરો મળવા મુશ્કેલ

બાયડ (ઓફિસ), તા.૦૬

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં એક તરફ ખેડૂતોએ ચોમાસુ ખેતીની તૈયારીઓ કરી છે. બીજી તરફ બાજરીનો પાક તૈયાર થયો છે તેવા સમયે ખેતમજૂરી મળવા મુક્લી છે. સરકાર દ્વારા તમામ જિલ્લાઓમાં હાલ મનરેગાના કામો શરુ કરવામાં આવ્યાં છે. જેથી ઘરઆંગણો મળતી રોજગારીથી અન્ય સ્થળે ખેતરોમાં કામ કરવા માટે કોઈ તૈયાર ન હોવાથી ખેતી કામોને માઠી અસર થઈ રહી છે.

સરકાર દ્વારા ઘરઆંગણે શ્રમજીવીઓને રોજગારી અપાય છે તે સારી વાત છે પરંતુ તેની વિપરીત અસરો પણ નજર અંદાજ કરી શકાય તેમ નથી. મોટાભાગના જિલ્લાઓમાં મનરેગાના કામો શરુ કરવામાં આવ્યાં છે. જેમાં તળાવો ઉંડા કરવા, રસ્તાના માટીકામ સહિતના કામોમાં સ્થાનિક મજૂરોને સામેલ કરી કામોનો ધમધમાટ શરૂ થયો છે. જેના કારણે ખેતરોમાં કામ કરવા માટે કોઈ હવે તૈયાર ન હોય તેવી સ્થિતિ ઉભી થઈ છે. અગાઉ પંચમહાલ જિલ્લાના આદિવાસી શ્રમજીવીઓ ચોમાસા પૂર્વે ખેતી કામ માટે સામેથી ખેડૂતોનો સંપર્ક કરતા હતા પરંતુ હવે પોતાના ગામમાં જ મનરેગા હેઠળ રોજગારી મળતી થતાં ખેતરોમાં કામ કરવા આવતા ખેતમજૂરોની સંખ્યા સાવ ઘટી છે. આ ઉપરાંત સ્થાનિક કક્ષાએ પણ મનરેગાના કામો શરુ થયાં છે જેના કારણે જિલ્લાના અન્ય શ્રમજીવીઓ પણ સરકારના કામોમાં જોડાયા છે. જેથી ખેતી કામોમાં મજૂરોની અછ